**રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ અંગે**

**ગુજરાત સરકાર**
ઉધોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક :હરઉ /૧૦૨૦૦૯/૩૧૫/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
**તા.૨૭/૨/૨૦૦૯**

**આમુખ :**

તાજેતરમાં હીરા ઉધોગ ક્ષેત્રમાં બજાર માંગમાં ઘટાડો થતાં મંદીને કારણે સુરત, અમદાવાદ અને ભાવનગર જેવા શહેરોમાં હીરા ઉધોગના કારખાનામાં કામ કરતાં રત્ન કલાકારો બેરોજગાર બનેલ છે. રાજય સરકાર દ્વારા આ રત્ન કલાકારોને આ મુશ્કેલીના સમયમાં વૈકલ્પિક પૂરક રોજગારી અને કૌશલ્યવર્ધક તાલીમ મળી રહે તે માટેનું રત્નદીપ કૌશલ્યવર્ધક તાલીમ સહાય પેકેજ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:**

પુખ્ત વિચારણાના અંતે સુરત, અમદાવાદ અને ભાવનગર શહેરમાં મંદીથી અસર પામેલા બેરોજગાર રત્ન કલાકારોને કૌશલ્યવર્ધક રોજગારલક્ષી તાલીમ આપવા નીચે મુજબ ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર રૂ.૧૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવે છે તથા ગ્રાન્ટ ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ(જીસીવીટી),ગાંધીનગરને હવાલે નીચેની શરતોને આધિન અનુમતિ આપવામાં આવે છે.

**૧. પાત્રતાઃ-**

(૧) તાલીમાર્થી રત્નકલાકારે કોઇપણ હીરાના કારખાનામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ કામગીરી કરી હોવી જોઇએ અને તે હાલ હીરા ઉધોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત હોવો જોઇએ તે બાબતના પુરાવા અરજી સાથે રજૂ કરવાના રહેશે.
(૨) તાલીમાર્થી હાલ જે તે શહેરમાં (સુરત,અમદાવાદ,ભાવનગર) રહેતો હોવો જોઇએ.
(૩) તાલીમાર્થીની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની હોવી જોઇએ.
(૪) ઓછામાં ઓછો અભ્યાસ ધોરણ-૪ પાસ હોવો જોઇએ.

**૨. કૌશલ્યવર્ધક તાલીમઃ-**

(૧) આ રત્નકલાકારોને હીરા ઉધોગની જુદાજુદા પ્રકારની તાલીમ જેવી કે – બ્રુટીંગ, પોલીસીંગ,ડાયમંડ એસોર્ટમેન્ટ, ડાયમંડ ગ્રેડીંગ, પ્લાનીંગ એન્ડ માર્કીંગ, જવેલરી મેકીંગ, હીરા ઉધોગ તથા તેને આનુષંગિક ટ્રેડને લગતી તાલીમ આપવામાં આવશે.
(૨) તાલીમનો સમયગાળો મહત્તમ ચાર માસનો રહેશે.
(૩) તાલીમાર્થીને પ્રતિ માસ પ્રતિ તાલીમાર્થી વેજ લોસ પેટે પ્રતિ દિન રૂ.૧૦૦.૦૦ સ્ટાઇપન્ડ માસિક રૂ.૨૫૦૦.૦૦ ની મર્યાદામાં આપવામાં આવશે.
(૪) તાલીમ પૂર્ણ થયે તાલીમાર્થીને સ્વરોજગાર માટે કુટિર અને ગ્રામોધોગ યોજના હેઠળ શ્રી વાજપાઇ બેંકેબલ યોજના તથા વડાપ્રધાનશ્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ હેઠળ અગ્રતાએ બેંક લોન સહાય માટે કાર્યવાહી કરવામાં આવશે.
(૫) જીસીવીટી અથવા ભારત સરકાર/આઇડીઆઇ દ્વારા મંજૂર અભ્યાસક્રમ મુજબ તાલીમ અપાશે.

(૬) આ તાલીમ નીચેની સંસ્થાઓ દ્વારા આપવામાં આવશે.

(૧) ઇન્ડીયન ડાયમંડ ઇન્સ્ટીટ્યુટ, સુરત

(૨) નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડિઝાઇન (NID),અમદાવાદ

(૩) નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) ,ગાંધીનગર

(૪) ગુજરાત ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુટ, રખિયાલ, અમદાવાદ

(૫) નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ જવેલરી ડિઝાઇન, અમદાવાદ

(૬) અન્ય નામાંકિત બિનસરકારી અને ખાનગી તાલીમ સંસ્થાઓની પસંદગી માટે અમલીકરણ એજન્સી તરીકે નિયામકશ્રી, રોજગાર અને તાલીમ અને GCVT દ્વારા કરવામાં આવશે.

૩. તાલીમ આપનાર સંસ્થાઓને ટ્રેનર્સ મહેનતાણું, તાલીમ ટ્યુશન ફી, માલ-સામાન, પરીક્ષા, સર્ટીફિકેશન વગેરે ખર્ચ પેટે પ્રતિ તાલીમાર્થી દીઠ રૂ. ૨૭૦૦ ચૂકવવામાં આવશે.

૪. સને ૨૦૦૮-૦૯ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૫. યોજનાની બોલીઓ અને શરતો મુજબ કાર્યવાહી થાય તે જોવાની જવાબદારી વિભાગની રહેશે.

૬. આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની થાય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા. ૨૨.૧૧.૨૦૦૬ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રસ્તુત યોજના માટે જનરલ પ્લાન, એસસીપી અને ટીએએસપી હેઠળ રકમ માંગવામાં/ફાળવવામાં આવેલી હોય તો તે મુજબ જે તે સેકટર માટે ગ્રાન્ટ વપરાય તે જોવાની જવાબદારી વિભાગની રહેશે.

૯. જે હેતુ માટે મંજૂરી આપવામાં આવેલ છે તે હેતુ માટે જ ખર્ચ થાય તે જોવાની જવાબદારી વિભાગની રહેશે.

૧૦. આ તાલીમના યોજના અમલીકરણ એજન્સી તરીકે નિયામકશ્રી, રોજગાર અને તાલીમ રહેશે અને ઉધોગ કમિશનરશ્રી યોજનાનું સંકલન કરશે.

૧૧. પ્રથમ તબકકે કુલ ૧૫૦૦૦ કારીગરોને તાલીમ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચને આથી મંજૂરી આપવામાં આવે છે.

૧૨. આ તાલીમનું મોનીટરીંગ નીચે મુજબની રાજય કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવશે.

**રાજ્યકક્ષાની સમિતિઃ-**

| | |
|---|---|
| (૧) સચિવશ્રી/અગ્રસચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ. | અધ્યક્ષશ્રી |
| (૨) ઉધોગ કમિશનરશ્રી, | સભ્યશ્રી |
| (૩) કમિશનર અને સચિવ, કુટિર અને ગ્રામોધોગ. | સભ્યશ્રી |
| (૪) કમિશનર અને સચિવ, ગ્રામ વિકાસ. | સભ્યશ્રી |
| (૫) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ. | સભ્યશ્રી |
| (૬) નિયામકશ્રી, ગુજરાત માટીકલા અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૭) અધિક ઉધોગ કમિશનર, ઉધોગ કમિશનરની કચેરી. | સભ્ય સચિવ |

આ સમિતિ આ ત્રણે શહેરોમાં તાલીમ કાર્યક્રમનું અમલીકરણ બરાબર થાય તથા રત્નકલાકારોને રોજગારની વૈકલ્પિક તકો ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા કામગીરીનું મોનીટરીંગ અને સમીક્ષા કરશે. આ સમિતિની બેઠક દર મહિને એકવાર મળશે.

**જિલ્લા કક્ષાની સમિતિઃ**

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્યશ્રી |
| (૪) | જિલ્લા રોજગાર અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૫) | લીડ બેંક ઓફિસરશ્રી | સભ્યશ્રી |
| (૬) | જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર | સભ્ય સચિવશ્રી |

આ સમિતિ દ્વારા બેરોજગાર રત્નકલાકારોની યાદીનો તથા સ્વરોજગાર યોજનાનો લાભ આપવા સઘન કામગીરી કરશે. સમિતિની બેઠક દર ૧૫ દિવસે મળશે.

૬. આ અંગે થનાર અંદાજિત રૂ.૧૨ કરોડનો ખર્ચ કુટિર અને ગ્રામોદ્યોગના નીચેના બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

| ક્રમ | સદર | નાંણાકીય જોગવાઇ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | જનરલ પ્લાન<br>માંગણી ક્રમાંકઃ૪૯<br>મુખ્ય સદરઃ ૨૮૫૧-ગ્રામ અને લઘુઉદ્યોગ,૨૦૦-અન્ય ગ્રામીણ ઉદ્યોગો, ગૌણ સદર (૧) આઇએનડી-૩૦-ગ્રામ ટેકનોલોજી સંસ્થા ગુજરાત (૦૯) સહાયક અનુદાન (ગ) અન્યને<br>કો.કો.નં. ૨૮૫૧૦૦૨૦૦૦૧૩<br>સ્કીમ નં. ૧૧૩૫૨૯ | ૧૦.૦૦ |
| ૨ | ટ્રાયબલ પ્લાન<br>માંગણી નંબર-૯૬(ટ્રાયબલ પ્લાન), ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો, ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૧૨)આઇએનડી-૩૦ ગ્રામ ટેકનોલોજી સંસ્થા,(૩૧૩૫) સહાયક અનુદાન (ગ) અન્યને ગુજરાત તાલીમ કાર્યક્રમ<br>કો.કો.નં. ૨૮૫૧૦૦૭૯૬૧૨૭<br>સ્કીમ નં. ૧૧૩૫૨૯ | ૧.૦૦ |
| ૩ | સ્પે. કોમ્પોનન્ટ પ્લાન<br>માંગણી નંબર-૯૫ (સ્પે. કોમ્પોનન્ટ પ્લાન), ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો, ૨૦૦-અન્ય ગ્રામીણ ઉદ્યોગો (૦૩) આઇએનડી-૩૦ ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત તાલીમ કાર્યક્રમ અંતર્ગત સાધન સહાય.<br>કો.કો.નં. ૨૮૫૧૦૦૨૦૦૧૨૩<br>સ્કીમ નં. ૧૧૩૫૨૯ | ૧.૦૦ |

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૫/૧૨/૦૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(શ્રીમતી રીનાબેન વાઘ)**
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
(૩) માન. મંત્રીશ્રી શ્રમ અને રોજગાર ના અંગત સચિવશ્રી
(૪) માન. મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગના અંગત સચિવશ્રી
(૫) માન. રા.ક. મંત્રીશ્રી (ઉદ્યોગ) ,ના અંગત સચિવશ્રી
(૬) માન. મુખ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
(૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) અગ્ર સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૧૦) અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૧) અગ્ર સચિવશ્રી,ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) નિયામકશ્રી, શ્રમ અને રોજગાર, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૩) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
(૧૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ -- અમદાવાદ,સુરત અને ભાવનગર
(૧૬) મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૭) કમિશ્નરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય , ગાંધીનગર
(૧૮) કલેક્ટરશ્રીઓ – અમદાવાદ,સુરત અને ભાવનગર
(૧૯) જનરલ મેનેજરશ્રીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર – અમદાવાદ,સુરત અને ભાવનગર
(૨૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત રાજ્ય, રાજકોટ - અમદાવાદ
(૨૧) નિયામકશ્રી હિસાબ અને તિજોરી ગુજરાત રાજ્ય , અમદાવાદ
(૨૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ– અમદાવાદ,સુરત અને ભાવનગર
(૨૩) માહિતી નિયામકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૨૪) નાણાકીય સલાહકારશ્રી, (ઉદ્યોગ ) નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર
(૨૫) ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના તમામ બોર્ડ /કોર્પોરેશન
(૨૬) ખાતાના વડાશ્રીઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના
(૨૭) ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ / નાંણા શાખા (ઉદ્યોગ) સહિત
(૨૮) નિયામક, માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન
(૨૯) પસંદગીની ફાઈલ
(૩૦) ઇન્ચાર્જશ્રી, કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ સચિવાલય,
આ ઠરાવ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સાથે,